

## હિંમતનગર કેળવણી મંડળની વિકાસ ગાથા

तदेतत् पुष्पं फलं
वाचोयत्
सत्यम् ।

**એ જ પુષ્પ છે ફળ છે**
**જે વાણીનું છે**
**સત્ય છે.**

હિંમતનગર એટલે જિલ્લાનું ગૌરવશાળી પાટનગર. હાથમતી નદીના પવિત્ર કિનારે વસેલું, જિલ્લાનું હૃદય અને વહીવટી રાજધાનીનું નગર એટલે આ આપણું હિંમતનગર ! આઝાદી પૂર્વે નેક નામદાર સર હિંમતસિંહજી મહારાજ સાહેબની રાજધાની રહી ચૂકેલ હિંમતનગર, આર્થિક, રાજકીય, ધાર્મિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક રીતે એટલું ફૂલ્યું ફાલ્યું છે કે તેના પરિણામો જ તમામ ક્ષેત્રના વિકાસનો અંગુલી નિર્દેશ કરે છે.

એમાંય વળી ૨૬ જાન્યુઆરી ૧૯૫૨ના રોજ સ્થપાયેલ હિંમતનગર કેળવણી મંડળ નામનું શૈક્ષણિક વટવૃક્ષે તો આ નગરને ઉત્તમ શિક્ષણ માટે કોઇ વિદ્યાશાખા છોડી છે ખરી ? આ શૈક્ષણિક ઉપવનને વિકસાવવા પાયાથી શ્રી મંગુભાઇ ભટ્ટ, મહારાજ શ્રી માનસિંહજી, શ્રી જયંતિભાઇ એસ. મહેતા, શ્રી કનુભાઇ એ. શાહ, શ્રી દિલીપભાઇ એન. ગાંધી, ડૉ. ચીમનભાઇ એસ. પટેલ, ડૉ. કે.કે. પટેલ, શ્રી નાથાભાઇ એમ. પટેલ તેમજ શ્રી એચ. કે. શાહ જેવા પ્રમુખ - ઉપપ્રમુખોએ તો શ્રી છોટાલાલ એન. શાહ, શ્રી વિજયશંકર ડી. રાવલ, શ્રી કપિલભાઇ ટી. કોટડિયા, શ્રી કુસુમચંદ્ર એમ. શાહ, શ્રી હિરાલાલ એમ. શાહ, શ્રી ચુનીભાઇ કે. શાહ, શ્રી નરસિંહભાઇ જે. પટેલ, શ્રી સોમાભાઇ આર. શાહ, શ્રી પી.પી. પટેલ, શ્રી રવિશંકર એમ. જાની, શ્રી પિયુષભાઇ એસ. દવે તેમજ શ્રી રશ્મિકાન્ત એન. પંડ્યા તથા શ્રી મેહુલભાઇ એમ. કોઠારી તથા શ્રી પ્રહલાદ સોમાણી જેવા ઉત્કૃષ્ટ શિક્ષણ પ્રેમી મંત્રીઓએ આ કેળવણી મંડળના વિકાસ રથને વણથંભ્યો આગળ વધાર્યા જ કર્યો છે.

ભાતીગળ ભવ્ય ભૂતકાળ જાળવી વર્તમાનને વેગીલો બનાવી ઉત્તમ ભવિષ્ય ઘડતર માટે આ જવાં મર્દોએ ''મર્દ બનો મર્દ બનાવો'' સૂત્ર સાર્થક કર્યું છે.

ગૌરવં લભ્યતે દાનાત । ઉક્તિ સાર્થક ઠરાવતા આપશ્રી આ ઉત્સવની ઉજવણીમાં તન, મન અને ધનના ઉમદા સહકારની અપેક્ષા સહ દાન, જાહેરાત, પ્રતિભાવ શુભેચ્છા અને સંસ્મરણ દ્વારા અમને પ્રોત્સાહિત કરશો એવી વિનંતી.

આ મંડળની વિકાસ યાત્રામાં અનેક નામી-અનામી વ્યક્તિ/સંસ્થાઓએ અમૂલ્ય ફાળો આપેલ છે જેનો ઉલ્લેખ યથાર્થ ગણાશે.

### ભાવિ આયોજન

હિંમત હાઇસ્કૂલ નં.- ૧નું નવિન ભવ્ય મકાન
બી.બી.એ. કૉલેજનું નવિન મકાન
એમ.બી.એ., બી.સી.એ. અને એમ.સી.એ. કૉલેજ શરૂ કરવાનું ભાવિ આયોજન છે.

**ભવદીય**
**હિંમતનગર કેળવણી મંડળ, હિંમતનગર.**